https://www.gujaratfirst.com/read/gujarat-read/edi-faculty-dr-satya-ranjan-acharya-to-be-conferred-with-national-teachers-award-at-vigyan-bhavan-in-new-delhi-on-september-05-2023/

# EDI ફેકલ્ટી ડો. સત્ય રંજન આચાર્યને 05 સપ્ટેમ્બર, 2023ના રોજ નવી દિલ્હીમાં વિજ્ઞાન ભવન ખાતે નેશનલ ટીચર્સ એવોર્ડ એનાયત કરાશે




written by Dhruv Parmar September 4, 2023

એચઇઆઇએસ એન્ડ પોલિટેક્નિક માટેની કેટેગરીમાં એવોર્ડ માટે તેમની પસંદગી કરાઇ. આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (ઇડીઆઇઆઇ) ખાતે આંત્રપ્રિન્યોરશીપ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટના ડાયરેક્ટર અને પ્રોફેસર ડો. સત્ય રંજન આચાર્યને હાયર એજ્યુકેશનલ ઇન્સ્ટિટ્યૂશન્સ (એચઇઆઇ) એન્ડ પોલીટેક્નિક ઇન્સ્ટિટ્યૂટ્સ માટેની એવોર્ડ કેટેગરીમાં નેશનલ ટીચર્સ એવોર્ડ 2023 મેળવવા માટે પસંદ કરાયા છે.

તેઓ ડિપાર્ટમેન્ટ ઓફ હાયર એજ્યુકેશન તરફથી પસંદ કરાયેલા 13 પુરસ્કાર વિજેતાઓ પૈકીના એક છે. આ પ્રતિષ્ઠિત એવોર્ડ 05 સપ્ટેમ્બર, 2023ના રોજ નવી દિલ્હીમાં વિજ્ઞાન ભવન ખાતે ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મૂ દ્વારા એનાયત કરાશે.

ડો. આચાર્ય આંત્રપ્રિન્યોરશીપ એજ્યુકેશનના ક્ષેત્રમાં એક શિક્ષણવિદ્ છે. તેઓ ઉભરતાં ઉદ્યોગ સાહસિકો તથા વિકસીત ઉદ્યોગ સાહસિકોને તાલીમ આપવામાં કુશળતા ધરાવે છે. તેઓ ઇડીઆઇઆઇ ખાતે ડિપાર્ટમેન્ટ ઓફ આંત્રપ્રિન્યોરશીપ એજ્યુકેશનના ડાયરેક્ટર અને પ્રોફેસર છે. હાલમાં તેઓ ગુજરાતના કમીશનર ઓફ કોટેજ એન્ડ રૂરલ ઇન્ડસ્ટ્રી દ્વારા સ્પોન્સર કરાયેલા 'હસ્તકલા સેતુ' પ્રોજેક્ટનુંનું નેતૃત્વ કરી રહ્યાં છે.

ભારતમાં શિક્ષકોના ઉત્કૃષ્ટ યોગદાનને માન્યતા આપવા માટે શિક્ષણ મંત્રાલય દ્વારા અપાતો નેશનલ ટીચર્સ એવોર્ડ એક પ્રતિષ્ઠિત પુરસ્કાર છે. આ એવોર્ડમાં સર્ટિફિકેટ ઓફ મેરિટ, રોકડ પુરસ્કાર અને સિલ્વર મેડલ આપવામાં આવે છે. નેશનલ ટીચર્સ એવોર્ડ માટે ડો. આચાર્યની પસંદગી ઉદ્યોગ સાહસિકતાના શિક્ષણ પ્રત્યે તેમના સમર્પણ અને કટીબદ્ધતાનો પુરાવો તેમજ ઉદ્યોગ સાહસિકતા ક્ષેત્રે તેમની કામગીરીથી ભારતમાં વધુ વાઇબ્રન્ટ આંત્રપ્રિન્યોરલ ઇકોસિસ્ટમની રચના કરવામાં મદદ મળી છે. ઇડીઆઇઆઇ સાથે જોડાતા પહેલાં તેઓ પ્રતિષ્ઠિત બિઝનેસ સ્કૂલ સાથે સંકળાયેલા હતાં તથા તેમણે આઇઆઇએમ અમદાવાદ ખાતે કેએલ ચેર ઓફ આંત્રપ્રિન્યોરશીપ ખાતે રિસર્ચ ફેલો તરીકે પણ કામ કર્યું છે.

તેમણે MASHAV – ઇઝરાયેલની એજન્સી ફોર ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ કોઓપરેશન, ઇઝરાયેલ ખાતે 'સ્ટાર્ટઅપ એક્સિલરેટર્સ ઇન ધ આંત્રપ્રેન્યોરિઅલ ઇકોસિસ્ટમ' અને યુએસએની યુનિવર્સિટી ઓફ ટેનેસી ખાતે 'એપ્લીકેશન ઓફ બિઝનેસ સિમ્યુલેશન ફોર એન્ટરપ્રેન્યોરશીપ ટીચિંગ'માં હાજરી આપી છે, જેણે ઉદ્યોગસાહસિકતાના ક્ષેત્રોમાં તેમની નિપુણતામાં વધારો કર્યો છે. તેઓ ન્યુ એન્ટરપ્રાઇઝ ક્રિએશન, આંત્રપ્રેન્યોરિઅલ ફાઇનાન્સ અને સિક્યુરિટી એનાલિસિસના અભ્યાસક્રમો શીખવે છે. તેમણે એગ્રી આંત્રપ્રિન્યોરશિપ, ટેક્નોલોજી આંત્રપ્રિન્યોરશિપ અને બિઝનેસ ઇન્ક્યુબેશન જેવા ક્ષેત્રોમાં વિવિધ મેનેજમેન્ટ ડેવલપમેન્ટ પ્રોગ્રામ્સ હાથ ધર્યા છે. તેમણે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ માટે ઉદ્યોગસાહસિકતા શિક્ષણ અને સ્ટાર્ટઅપ ઇન્ક્યુબેશન પર વિવિધ ફેકલ્ટી ડેવલપમેન્ટ કાર્યક્રમોનું આયોજન કર્યું છે.

તેઓ ગુજરાત સરકાર, ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ઓફ ટેક્નિકલ એજ્યુકેશન (એઆઇસીટીઇ) ખાતે એમએચઆરડી ઇનોવેશન સેલ તથા વિવિધ યુનિવર્સિટીઝ/ઇન્સ્ટિટ્યૂશન્સના સ્ટાર્ટઅપ-કેન્દ્રિત પહેલ સાથે જોડાયેલા છે. તેઓ ઇડીઆઇઆઇ ખાતે ડીએસટી-સ્પોન્સર્ડ ઇન્ક્યુબેશન સેન્ટર – સેન્ટર ઓફ એડવાન્સિંગ એન્ડ લોંચિંગ એન્ટરપ્રાઇઝ (ક્રેડલ)ના પણ ડાયરેક્ટર છે.